નવી બાબત વર્ષ ૨૦૨૦-૨૧
બિન અનામત વર્ગના વિદ્યાર્થીઓને મળતી ભોજનબીલ સહાયમાં વધારો કરવાની બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃસશપ-૧૧૨૦૨૦-૧૧૫૨૭૯-ન.બા.૭૮-અ૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૦૬/૦૮/૨૦૨૦

વંચાણે લીધાઃ-

(૧) આ વિભાગનો તા.૧૫/૦૮/૨૦૧૮નો ઠરાવ ક્રમાંકઃ ઇબીસી/૧૦૨૦૧૮/૮૧૪/અ.૧
(૨) આ વિભાગનો તા.૨૫/૦૧/૨૦૧૯નો ઠરાવ ક્રમાંકઃ ઇબીસી/૧૦૨૦૧૮/૮૧૪/અ.૧
(૩) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૨૦/૦૨/૨૦૨૦નો પત્ર ક્રમાંકઃ વિજાક/બો.નિ./૨૦૧૯-૨૦

આ મુ ખ :-

વંચાણે લીધેલ આ વિભાગના ક્રમાંકઃ (૧) પરના તા.૧૫/૦૮/૨૦૧૮ના ઠરાવ અને ક્રમાંકઃ (૨) પરના તા.૨૫/૦૧/૨૦૧૯ના ઠરાવથી ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ દ્વારા બિન અનામત વર્ગોના વિદ્યાર્થીઓને શિક્ષણમાં પ્રોત્સાહન આપવા માટે સ્નાતક કક્ષાના મેડીકલ ડેન્ટલ,ટેકનીકલ,પેરામેડિકલ અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા અને સરકારી/અનુદાનિત સિવાયના છાત્રાલયમાં રહી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તેમજ કોઇપણ સમાજ, ટ્રસ્ટ, સંસ્થા દ્વારા સંચાલિત કન્યા છાત્રાલયો માં રહીને અભ્યાસ કરતી ધોરણ ૯ થી ૧૨ની કન્યાઓને ભોજન બીલમાં માસિક રૂ. ૧૨૦૦/- સહાય ૧૦ માસ માટે આપવાની યોજના અમલમાં છે. પરંતુ હાલના આ સમયમાં ખાધ ચીજોના ભાવમાં ઉત્તરોત્તર વધારો થવા પામેલ છે જેથી વિદ્યાર્થીઓને આપવામાં આવતી ભોજન બિલ સહાય ઘણી અપુરતી જણાય છે. આથી નિયામકશ્રી(વિ.જા.ક.)એ વંચાણે લીધેલ ક્રમાંકઃ (૩) પરના તા.૨૦/૦૨/૨૦૨૦ના પત્રથી ભોજન બિલ સહાયમાં માસિક રૂ.૩૦૦/- નો વધારો કરીને માસિક રૂ.૧૫૦૦/-ની સહાય ૧૦ માસ માટે આપવા માટેની રૂ.૭૫૦.૦૦ લાખની નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ની નવી બાબત રજુ કરેલ હતી. સદરહુ નવી બાબતને વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠ રા વ :-**

પુખ્ત વિચારણાના અંતે ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ દ્વારા હાલ ચુકવવામાં આવતી ભોજનબીલ સહાય યોજનામાં રૂ.૩૦૦નો વધારો કરી રૂ.૧૫૦૦/-ની સહાય ૧૦ માસ માટે આપવા નીચેની શરતોને આધિન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**શ ર તો :-**

૧. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

૩. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

૫. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે

૬. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૭. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૮. આઇ.ટી.સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતોવખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૯. આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક: એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચમાં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓ અને ત્યારબાદ વખતો-વખત થયેલ સુધારાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૦. આ યોજના અન્વયે મંજૂર થયેલ મહેકમ વધુ સમય માટે ચાલુ રાખવા અંગે અલગથી દરખાસ્ત રજૂ કરી મંજૂરી મેળવી લેવાની રહેશે.

૧૧. આ બાબત માટેનો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ના નિગમની નાણાંકીય જોગવાઇની મર્યાદામાં રહીને જ કરવાનો રહેશે. સદર બાબત માટે વધારાની જોગવાઇ કે વધારાના નાણાંની માંગણી કરવાની રહેશે નહી.

૧૨. આ અંગેનો ખર્ચ માંગણી નં:.૯૨, મુખ્ય સદર: ૬૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગો અને લઘુમતીઓના કલ્યાણ માટે લોન, પેટા મુખ્ય સદર: ૮૦ સામાન્ય, ગૌણ સદર: ૧૯૦ જાહેર ક્ષેત્રની લોન અને અન્ય કમાણી હેઠળ, પેટા: સદર ૦૧ ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને ધિરાણ હેઠળ થયેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

૧૩. ઉક્ત નવી બાબતની વહીવટી મંજૂરી અન્વયે નાણાં વિભાગના કરકસર અંગેના તા.૦૬/૦૬/૨૦૨૦ના ઠરાવ ક્રમાંક: ખરચ-૧૦૨૦૧૦-૧૧૮-ઝ-૧ થી અપાયેલ સૂચનાઓ અનુસાર ખર્ચ થાય તે વિભાગે સુનિશ્ચિત કરવાનું રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૩/૦૭/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જી.પી.પટેલ)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાના:-

- માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(ના.વિ.)નાં અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(વિ.જા.) (નિયામકશ્રી(વિ.જા.ક.) મારફત)
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, બ્લોક નં.૨/૭મો માળ, ડી-૨ વીંગ, કર્મયોગી ભવન, ગાંધીનગર

- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ ઉપર મૂકવાની વિનંતીસહ
- સિલેકટ ફાઇલ.